# સ્વીત્ઝર્લેન્ડના એક રિસોર્ટમાં આગ : ૪૦નાં મોત

**ક્રેન્સ** મોન્ટાના રિસોર્ટમાં આવેલ એક બારમાં નવા વર્ષની ઉજવણી દરમ્યાન વિસ્ફોટ સાથે આગ ફાટી નિકળી

**૧૦૦** જેટલા લોકોને ઇજા, મોટા ભાગના ગંભીર હાલતમાં, મૃત્યુઆંક વધારે હોવાનો ભય, મૃતકોમાં અનેક વિદેશીઓ

**ત્રાસવાદી** ઘટના કે કોઇ હુમલો નહીં હોવાનું સરકારે જણાવ્યું



ક્રેન્સ-મોન્ટાના(સ્વીત્ઝર્લેન્ડ), તા. ૧: એક સ્વીસ આલ્પ્સ રિસોર્ટ ટાઉનના એક બારમાં નવા વર્ષની ઉજવણી દરમ્યાન આગ ફાટી નિકળતા ડઝનબંધ લોકો માર્યા ગયા હતા. ૪૦નાં મોતનો આંકડો બોલાય છે પરંતુ ખરેખરો આંક વધુ હોવાનો ભય છે. આગમાં ૧૦૦ જેટલા લોકોને ઇજા થઇ હતી, જેમાંના મોટા ભાગના લોકોની ઇજા ગંભીર છે.

ડઝનો લોકો આ શરાબના પીઠામાં માર્યા ગયા છે એ મુજબ વેલાઇસ કેન્ટોનના પોલીસ કમાન્ડર ફ્રેડરિક ગિસલેરે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. પીડિતોની ઓળખ કરવા અને તેમના પરિવારોને જાણ કરવા માટે કામ ચાલી રહ્યું છે, પરંતુ તેમાં સમય લાગશે અને હાલ પૂરતો, તમને વધુ ચોક્કસ આંકડો આપવો અકાળ છે,

ગિસ્લરે કહ્યું, સમુદાય ત્યારે તબાહ થઈ ગયો છે. વેલાઈસ કેન્ટન એટર્ની જનરલ બીટ્રિસ પિલૌડે જણાવ્યું હતું કે આગનું કારણ નક્કી કરવું ખૂબ જ વહેલું છે. નિષ્ણાતો હજુ સુધી કાટમાળની અંદર જઈ શક્યા નથી. કોઈપણ પ્રકારના હુમલાનો પ્રશ્ન જ નથી પિલૌડે કહ્યું. આગને કારણે ધડાકો પણ થયો હોવાનું માનવામાં આવે છે. બારની આખી છત સળગી રહી હતી અને ૨૦૦ જણાએ માત્ર 30 સેકન્ડમાં બહાર નિકળવાનો પ્રયાસ કર્યો હતો એમ બનાવના એક આંખે દેખ્યા સાક્ષીએ જણાવ્યું હતુ.

આ સાંજ ઉજવણી અને ભેગા થવાની ક્ષણ હોવી જોઈતી હતી, પરંતુ તે એક દુ:સ્વપ્નમાં ફેરવાઈ ગઈ એમ પ્રાદેશિક સરકારના વડા મેથિયાસ રેનાર્ડે જણાવ્યું. રેનાર્ડે જણાવ્યું હતું કે ઘાયલોની સંખ્યા એટલી બધી હતી કે પ્રાદેશિક હોસ્પિટલના આઇસીયુ અને ઓપરેશન થિયેટર ઝડપથી સંપૂર્ણ ભરાઇ ગયા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પીડિતોની મદદ કરવા માટે હેલિકોપ્ટરો અને એમ્બ્યુલન્સો ઘટનાસ્થળે દોડી ગયા હતા. ભોગ બનેલાઓમાં કેટલાક વિવિધ દેશોના લોકોનો પણ સમાવેશ થાય છે. ગુરુવારે પરમેલિનનો રાષ્ટ્રપતિ તરીકે કાર્યભારનો પહેલો દિવસ હતો, કારણ કે સ્વિટ્ઝર્લેન્ડ સરકારના સાત સભ્યો એક વર્ષ માટે વારાફરતી રાષ્ટ્રપતિ પદ સંભાળે છે. મૃતકોના માનમાં તેમણે પોતાનું રાષ્ટ્રજોગ સંબોધન હાલ મોકૂફ રાખ્યું હતું.

### એક વેઇટરના ઉન્માદી કૃત્યને કારણે આગ લાગી?

બનાવને નજરે જોનાર એક મહિલાએ કહ્યું હતું કે પીઠાનો એક વેઇટર હાથમાં સળગતું સ્પાર્કલર લઇને પોતાના એક સાથી વેઇટરના ખભા પર ચડી ગયો હતો અને નાચી રહ્યો હતો. આ દરમ્યાન તેના હાથમાંનું સ્પાર્કલર ઉપરની છતને અડી ગયું હતું અને જોત જોતામાં તો છતે આગ પકડી લીધી હતી. સત્તાવાળાઓ જો કે કહે છે કે આગ લાગવાનું ચોક્કસ કારણ તપાસ પછી જ જાણવા મળશે.

# બરફીલા પાણીમાં ડૂબકી મારીને નવા વર્ષની ઉજવણી...!





બ્રિટનમાં આજે સવારે સેંકડો તરવૈયાઓએ પરંપરાગત નવા વર્ષના દિવસે ડૂબકી લગાવવા માટે બરફીલા ઠંડા પાણીમાં તર્યા હતા. 200 થી વધુ તરવૈયાઓએ ક્રિસમસ જમ્પર્સ અને ટોપીઓ પહેરી હતી, જેમાં કેટલાક ફક્ત સ્વિમિંગ કોસ્ચ્યુમ પહેરીને 2026નું સ્વાગત કરવા માટે નોર્થ ટાઈનેસાઈડના વ્હીટલી ખાડી તરફ દોડ્યા હતા, જ્યારે પ્રોમેનેડમાંથી એક વિશાળ ભીડ ઉમટી પડી હતી. દરમિયાન, સ્કોટલેન્ડના કેસલ ડગ્લાસમાં, બ્રિટનના કેટલાક ભાગોમાં ઠંડીનો માહોલ વચ્ચે વાર્ષિક ક્રોસમાઈકલ ડિપમાં ભાગ લેવા માટે ઓછામાં ઓછા 100 લોકોએ ઠંડા લોચ કેનમાં ઝંપલાવ્યું હતું. 40મા વાર્ષિક ક્રોસમાઈકલ ડિપના આયોજક જીમ મેકલેલન - જેણે ચેરિટી માટે હજારો પાઉન્ડ એકત્ર કર્યા છે, તે તેના ઈતિહાસમાં ફક્ત એક જ ડૂબકી લગાવવાનું ચૂક્યા છે. તેમણે અન્ય આનંદ માણનારાઓ સાથે ડૂબકી લગાવી અને કહ્યું: ‘આ એક મહાન સ્થાનિક કાર્યક્રમ છે. લોકોની ભીડ પણ તે જોવા માટે ઉમટી પડી હતી. હવામાન વિભાગે આજે તરવૈયાઓને પૂર્વ કિનારા પર મોટા મોજાઓથી સાવધ રહેવા ચેતવણી આપી હતી.

# કેનેડામાં એર ઈન્ડિયાનો પાઈલટ નશામાં પકડાયો

**વાનકુવર**-દિલ્હી ફ્લાઇટના પાઇલટની દારૂ પીવાના આરોપસર હકાલપટ્ટી; ફ્લાઇટ બે કલાક મોડી પડી

નવી દિલ્હી, તા. 1: કેનેડાના વાનકુવરથી દિલ્હી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટના પાઈલટને વિમાનમાંથી ઉતારી મૂકવામાં આવ્યો હતો. પાઈલટ પર દારૂ પીવાનો આરોપ હતો. આ ઘટના 23 ડિસેમ્બરના રોજ બની હતી, જ્યારે એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ186 ઉડાન ભરવાની તૈયારીમાં હતી. વાનકુવર એરપોર્ટના એક સ્ટાફ સભ્યએ પાઈલટને દારૂ પીતાં જોયો.

ત્યાર બાદ કર્મચારીએ અધિકારીઓને ફરિયાદ કરી. જ્યારે કેનેડિયન અધિકારીઓ તપાસ કરવા પાઈલટ પાસે પહોંચ્યા ત્યારે તેમના મોંમાંથી દારૂની ગંધ આવી.

## પેજ 3

### અર્જુન બિજલાણીના સસરાનું નિધન: અંતિમ સંસ્કારમાં અભિનેતા ભાવુક થયો





મુંબઈ, તા. 1: અભિનેતા અર્જુન બિજલાણીના સસરા રાકેશ ચંદ્ર સ્વામીનું સ્ટ્રોક બાદ 73 વર્ષની વયે અવસાન થયું હતું. સોમવારે આઈસીયુમાં દાખલ થયા બાદ અભિનેતા દુબઈમાં નવા વર્ષની રજાઓમાંથી પરત ફર્યો હતો. ગુરુવારે અંતિમ સંસ્કારમાં અભિનેતા ભાવુક જોવા મળ્યો હતો અને તેમણે પરિવારના સભ્યોની હાજરીમાં અંતિમ સંસ્કાર કર્યા હતા. ઇન્સ્ટાગ્રામ પર સામે આવેલા એક વીડિયોમાં અર્જુન રાકેશના અંતિમ સંસ્કારમાં તેના દીકરાને ગળે લગાવતો જોવા મળ્યો હતો. તેણે તેને મજબૂત રીતે પકડીને સાંત્વના આપી હતી સાથે ખુદ પણ ભાવુક થઈ ગયો હતો. અર્જુને પણ રાકેશના મૃતદેહને કાંધ આપી હતી. પરિવારના એક સભ્યએ કહ્યું હતું કે, ‘ ’તે ફિટ અને સ્વસ્થ હતા, રાત્રિભોજન કરવા માટે તૈયાર હતા ત્યારે અચાનક તેમને સ્ટ્રોક આવ્યો અને તેમને બેલેવ્યુ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.’’

### ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચને ન્યૂયોર્કમાં નવું વર્ષ ઉજવ્યું



મુંબઈ, તા. 1: બોલિવૂડ સ્ટાર્સ ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચને ન્યૂયોર્કમાં નવું વર્ષ મનાવ્યું હતું. અમેરિકાની ટ્રિપ દરમિયાન લેવાયેલી આ દંપતીની એક તસવીર તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. હંમેશાં પોતાના અંગત જીવન વિશે ખાનગી રહેનારા આ કપલે એક ચાહક સાથે મુસ્કુરાતા તસવીર ખેંચાવીને બધાને ખુશ કરી દીધા હતા. ઐશ્વર્યાએ ફર જેકેટ અને કાળી ટોપી પહેરી હતી, જ્યારે અભિષેકે કાળા રંગના પોશાક સાથે સ્ટાઇલિશ લાલ ચશ્માં પહેર્યાં હતાં. 2026 નવા વર્ષની ઉજવણી કરવા માટે ઘણા બોલિવૂડ સ્ટાર્સ વિદેશ જવા રવાના થયા છે.

### ‘ધુરંધર’ પર માહિતી અને પ્રસારણ મંત્રાલયની કાતર: ‘બલોચ’ શબ્દ હટાવાયો



નવી દિલ્હી, તા.1: રણવીર સિંહ અભિનિત ફિલ્મ ‘ધુરંધર’, જે 2025ની સૌથી વધુ કમાણી કરનાર હિન્દી ફિલ્મ તરીકે ઊભરી આવી છે, તે હવે માહિતી અને પ્રસારણ મંત્રાલયના નિર્દેશોને પગલે નાના ફેરફારો સાથે થિયેટરોમાં પ્રદર્શિત થશે. ફિલ્મનું સુધારેલું સંસ્કરણ 1 જાન્યુઆરી, 2026થી દેશભરમાં પ્રદર્શિત થયું છે. માત્ર 27 દિવસમાં વૈશ્વિક સ્તરે 1128 કરોડ રૂપિયાના કલેક્શન સાથે બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર બનવા છતાં મંત્રાલયે નિર્માતાઓને અમુક શબ્દોને મ્યુટ કરવા અને એક સંવાદ સુધારવા કહ્યું હોવાના અહેવાલ પછી ફિલ્મમાં ફેરફારો કરવામાં આવ્યા છે. થિયેટર કટમાંથી દૂર કરાયેલા શબ્દોમાંથી એક શબ્દ ‘બલોચ’ છે. એક અહેવાલ મુજબ, દેશભરના થિયેટરોને 31 ડિસેમ્બરના રોજ મોડેથી આ અપડેટ વિશે જાણ કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, ‘ ’દેશભરના થિયેટરોને આજે, 31 ડિસેમ્બરના રોજ વિતરકો તરફથી એક ઈ-મેઇલ મળ્યો હતો, જેમાં તેમને જાણ કરવામાં આવી હતી કે, તેઓ ફિલ્મના ડીસીપીને બદલી રહ્યા છે. આ ફેરફારનું કારણ એ છે કે, નિર્માતાઓએ ભારતના માહિતી અને પ્રસારણ મંત્રાલય તરફથી મળેલા નિર્દેશો અનુસાર, ફિલ્મમાં બે શબ્દો મ્યૂટ કર્યા છે અને એક સંવાદ બદલ્યો છે.’’ અહેવાલ અનુસાર, હટાવવામાં આવેલો એક મુખ્ય શબ્દ ‘બલોચ’ છે.

# કાશ્મીરમાં ભારે હિમવર્ષા

**મુઘલ** રોડ અને સિન્થન ટોપ સહિતના મુખ્ય માર્ગો બંધ

**જમ્મુ**-શ્રીનગર હાઈવે ખુલ્લો પણ ટ્રાફિક ધીમો



જમ્મુ, તા. ૧ (પીટીઆઈ): અધિકારીઓએ જણાવ્યું હતું કે, હિમવર્ષાને કારણે કાશ્મીરને જમ્મુ પ્રદેશ સાથે જોડતો મુઘલ રોડ અને સિન્થન ટોપ રોડ વાહનોની અવરજવર માટે બંધ કરવામાં આવ્યો છે.

જોકે, જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ વાહનોની અવરજવર માટે ખુલ્લો રહ્યો છે. પ્રતિકૂળ હવામાનને ધ્યાનમાં રાખીને મુસાફરોને દિવસ દરમિયાન હાઈવે પર મુસાફરી કરવાનું પસંદ કરવાની સલાહ આપવામાં આવી હતી.

ટ્રાફિક પોલીસની એડવાઈઝરી મુજબ, ‘‘બરફ જમા થવાને કારણે મુઘલ રોડ અને સિન્થન રોડ બંધ છે. લોકોને સલાહ આપવામાં આવે છે કે જ્યાં સુધી તે સંપૂર્ણપણે પુન:સ્થાપિત ન થાય ત્યાં સુધી આ રસ્તાઓ પર મુસાફરી ન કરો.’’ કાશ્મીર ખીણના શોપિયા અને અનંતનાગ જિલ્લાઓને જમ્મુ ક્ષેત્રના પૂંછ અને કિશ્તવાડ જિલ્લાઓ સાથે જોડતા બન્ને માર્ગો પીર કી ગલી અને સિંથન ટોપ બેલ્ટ સહિત અન્ય વિસ્તારોમાં હિમવર્ષાને કારણે બંધ કરી દેવામાં આવ્યા હતા. એડવાઈઝરીમાં જણાવાયું છે કે, જમ્મુ-શ્રીનગર હાઈવે વાહનોની અવરજવર માટે ખુલ્લો હતો, પરંતુ બનિહાલ નાલા, દેવલ, નાશરી-દલવાસ અને મારોગ અને કિશ્તવારી પાથેર વચ્ચે સિંગલ-લેન ટ્રાફિકને કારણે ધીમી ગતિએ ટ્રાફિક જોવા મળ્યો હતો.

એડવાઈઝરીમાં જણાવાયું છે કે, ‘‘મુસાફરોને અને હળવા મોટર વાહન ચાલકોને દિવસ દરમિયાન જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર મુસાફરી કરવાનું પસંદ કરવાની સલાહ આપવામાં આવે છે. કૃપા કરીને રાત્રિ મુસાફરી ટાળો. કારણ કે, નાશરી ટનલ અને નવયુગ ટનલ વચ્ચે ભારે મોટર વાહનોની અવરજવરના કારણે મુસાફરોને અસુવિધા થઈ શકે છે.’’

અધિકારીઓએ જણાવ્યું હતું કે, તાજી બરફ જમા થવાને કારણે કાશ્મીરને જોડતો શ્રીનગર-સોનામાર્ગ-ગુમારી રોડ પણ વાહનોની અવરજવર માટે બંધ કરવામાં આવ્યો હતો.


भारत सरकार GOVERNMENT OF INDIA

## પાન મસાલાના ઉત્પાદકો ધ્યાન આપે !

**સ્વાસ્થ્ય સુરક્ષાથી રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર અધિનિયમ, ૨૦૨૫ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬થી અમલી બનશે**

સ્વાસ્થ્ય સુરક્ષાથી રાષ્ટ્રીય સુરક્ષા ઉપકર પાનમસાલા નિર્માણમાં સંકળાયેલા યંત્રો/પ્રક્રિયાઓ પર લગાડવામાં આવશે. પ્રત્યેક કર ભરવા લાયક વ્યક્તિએ નોંધણી કરાવવી અને ઉપકર ભરવો ફરજિયાત છે

**ફરજિયાત નોંધણી** (ફોર્મ HSNS REG-01)

- તમે www.cbic-gst.gov.in ની મુલાકાત લઇને અને HSNS સેસ ટેબ હેઠળ ‘NEW User’ પર ક્લિક કરીને નોંધણી માટે અરજી કરી શકો છો.
- નોંધણી રેફરન્સ નંબર (ERN) મેળવવા નામ, પાન, ઇમેઇલ, મોબાઇલ નંબર દાખલ કરો.
- ફોર્મ HSNS REG-01 ભરવા ERNનો ઉપયોગ કરો
- પેમેન્ટ શરૂ કરવા ટેમ્પરી રજિસ્ટ્રેશન નંબર (TRN) મેળવો.

**માસિક સેસ ચુકવણી** (ફોર્મ HSNS PMT-01)

- મહિનાના 7મા દિવસ સુધી ઇલેક્ટ્રોનિકલી ચુકવણી કરવી ફરજિયાત છે.
- (દા.ત. ફેબ્રુઆરી 2026 માટે જવાબદારી 7 ફેબ્રુઆરી 2026 સુધીની છે)
- તમે ટેક્સપેયર ડેશબોર્ડમાં લોગીન કરીને Menu ટેબ હેઠળ e-Payment સિલેક્ટ કરીને ઉપકર ચુકવી શકો છો.

**સેસ ડેકલેરેશન** (ફોર્મ HSNS DEC-01)

- રજીસ્ટ્રેશન મળ્યાના 7 દિવસમાં ફાઇલ કરો.
- તમે ટેક્સપેયર ડેશબોર્ડ પર જઇને Menu ટેબ હેઠળ Return પર ક્લિક કરીને તમારુ ડેકલેરેશન ફાઇલ કરી શકો છો.

**માસિક રિટર્ન** (HSNS RET-01 ફોર્મ)

- આગલા મહિના (દા.ત. ફેબ્રુઆરી 2026નું રિટર્ન 20મી માર્ચ 2026 સુધી) ના 20મા દિવસ સુધી ઇલેક્ટ્રોનિકલી ફાઇલ કરવું.
- તમે ટેક્સપેયર ડેશબોર્ડ પર લોગીન કરીને મેનુ ટેબ હેઠળ રિટર્ન પર ક્લિક કરીને તમારુ રિટર્ન ફાઇલ કરી શકો છો.

CBC 15502/13/0049/2526

વધુ માહિતી માટે કૃપા કરીને જાહેરનામા નં. S.O.6153 (E) તારીખ 31-12-2025 અને 01/2026-HSNS સેસ તારીખ 01-01-2026નો સંદર્ભ લો.

વધુ પૂછપરછ માટે હેલ્પલાઇનનો સંપર્ક કરો : cbicmitra.helpdesk@icegate.gov.in 1800 425 0232

@cbic_india @cbicindia @CBICINDIA @cbicindia @CBICIndia www.cbic.gov.in